

પોરબંદરમાં રોટરી ક્લબ દ્વારા સાયકલોથોન અને વોકાથ્લોનનું આયોજન થતાં જિલ્લા કલેકટર અને નેવીનાં ઇન્ચાર્જ ઓફિસરે પ્રસ્થાન કરાવ્યું હતું. નાની ઉંમરના બાળકોથી માંડીને યુવક - યુવતીઓ અને વૃધ્ધો પણ તેમાં જોડાયા હતા. અશ્વસવારો અને ફાયરબ્રિગેડનાં બુલેટ બાઇક સાથેનાં જવાનો પણ તેમાં જોડાયા તેની તસવીર. (તસવીર: જિતેશ પોપટ)

## પોરબંદરમાં અનોખી સાયકલોથોન - વોકાથ્લોન યોજાઇ

# સ્વચ્છતા, સાક્ષરતા અને સ્વસ્થતાનાં સંદેશ સાથે સાયકલ રેલી - પદયાત્રા

પોરબંદર, તા. ૨૧

પોરબંદરમાં રોટરી ક્લબ દ્વારા સાયકલોથોન અને વોકાથ્લોનનું આયોજન રવિવારે વહેલી સવારે કરવામાં આવતા ૧૫૦૦ જેટલા લોકો તેમાં જોડાયા હતા અને શહેરને સ્વચ્છ રાખવા માટે આગેવાનોએ અપીલ કરી હતી.

## પાંચ વર્ષનાં બાળકથી માંડીને ૮૫ વર્ષનાં વૃધ્ધ જોશભેર જોડાયા: અશ્વસવારો અને બુલેટસવારો બન્યા આકર્ષણનું કેન્દ્ર

સ્વચ્છતા, સાક્ષરતા અને સ્વસ્થતાની મહત્તાનો પ્રચાર કરવા પોરબંદર જિલ્લા રોટરી પરિવારની અલગ અલગ ક્લબો તેમજ યુવા - પાંખ રોટરેક્ટ તથા ઇન્ટરેક્ટ અને મહિલા

### દર રવિવારે વોર્ડવાઇઝ સફાઇ અભિયાનની નેમ

આયોજક હર્ષિતભાઇ રુઘાણીએ એવું જણાવ્યું હતું કે, દર રવિવારે વોર્ડ વાઇઝ સફાઇ અભિયાન કરવામાં આવે તે અંગેના પગલા તેમની ટીમ દ્વારા લેવામાં આવનાર છે. તેમણે જણાવ્યું હતું કે, પોરબંદરવાસીઓને સાથે રાખીને દર રવિવારે એક વોર્ડમાં સફાઇ અભિયાનનું આયોજન કરવામાં આવે અને ૧ મહિનામાં ૧ વોર્ડ સંપૂર્ણ સ્વચ્છ થઇ જાય પછી એ વોર્ડની સફાઇનો હવાલો ત્યાંના રહેવાસીઓને આપીને તેઓ તેમના વોર્ડને સ્વચ્છ રાખે તેવી સૂચના પણ આપવામાં આવે તો સારી રીતે સફાઇ અભિયાનને સફળ બનાવી શકાય તેમ છે.

- પાંખ ઇન્નરવ્હીલ ક્લબના સંયુક્ત ઉપક્રમે રોટરી ઇન્ટરનેશનલના ૧૧૧ વર્ષની ઉજવણી સ્વરૂપે સાયકલ રેલી તથા પદયાત્રાનું આયોજન રોટાથ્લોન - ૨૦૧૬ ના નામથી કરેલું હતું. જેનો પ્રારંભ પોરબંદરની ચોપાટી ઉપરથી કરાવવામાં આવ્યો હતો.

જિલ્લા કલેકટર દિનેશ પટેલનાં હસ્તે ફલેગ ફરકાવીને સાયકલોથોનનું અને નેવલના ઇન્ચાર્જ ઓફિસર અભયસિંહનાં હસ્તે વોકાથ્લોનની શરૂઆત કરવામાં આવી હતી. સાયકલોથોન ૭ કિ.મી.ની યોજાઇ હતી, જે શહેરનાં વિવિધ રાજમાર્ગો ઉપરથી ફરીને ગાંધી સ્મૃતિ ભવન પાસે પરત ફરી હતી. ઉપરાંત વોકાથ્લોન ૩ કિ.મી.ની યોજાઇ હતી. અને તે પણ ત્યાં જ વિરામ પામી હતી. રવિવાર હોવા છતાં મોટી સંખ્યામાં નગરજનો વહેલી સવારે ઉઠીને પહોંચી ગયા હતા. નેવીનાં ૧૩૫ જેટલાં જવાનો પણ તેમાં જોડાયા હતા. એટલું જ નહીં, પરંતુ તેમાં શાળાના બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. પાંચ વર્ષના બાળકથી માંડીને ૮૫ વર્ષના વૃધ્ધ પણ તેમાં જોડાયા હતા. અનેક સ્પર્ધાઓમાં રેકોર્ડ તોડનાર વયોવૃધ્ધ રમેશભાઇ ઝાલા અને શિલાવિભૂતિની પદવી મેળવનાર તથા બારેમાસ સાયકલ ચલાવનાર ગોઢાણીયા મહિલા કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. અનુપમ નાગર પણ તેમાં ઉત્સાહભેર જોડાયા હતા. મહિલાઓ, યુવતીઓ, તરૂણીઓ તેમજ યુવાનો અને પુરૂષો સહિત વૃધ્ધોએ હોંશેહોંશે તેમાં ભાગ લેતા તેઓને બિરદાવવામાં

### ૫૦૦ સાયકલોથોન અને ૧૦૦૦ વોકાથ્લોનમાં જોડાયા

પોરબંદરની ચોપાટી ઉપરથી રોટાથ્લોનની શરૂઆત થઇ ત્યારે તે પૂર્વે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ જેટલા લોકો સાયકલ સાથે જોડાયા હતા અને ૧૦૦૦ લોકો રોટાથ્લોનમાં જોડાયા હતા. પાલિકાનાં ચીફ ઓફિસર રૂદ્રેશ હુદડે પણ સાયકલ સવારી કરી હતી. જ્યારે કલેકટર દિનેશ પટેલ અને નાયબ કલેકટર ચેતન ગણાત્રા પગપાળા જોડાયા હતા.

## પોરબંદરમાં ભૂગર્ભ ગટરનાં ખાડામાં

રાજકોટ: મહેશભાઇ અનંતપ્રસાદ ત્રિવેદી (સુપેડીવાળા, ઉ.વ. ૫૬) તે સ્વ. ચંદ્રકાંતભાઇ રાજયગુરૂના જમાઇ, મધુરભાઇ, નિલેશભાઇ રાજયગુરૂના બનેવી, પ્રદ્યુમ્નભાઇ ત્રિવેદી (સુપેડી), શાંતિભાઇ, નવીનભાઇના ભાઇ, વિનુભાઇ, મનહરભાઇ, રમેશભાઇ ભટ્ટ (ત્રોલ)ના ભાણેજનું તા. ૨૧ ના અવસાન થયું છે. બેસણું તથા પિયરપક્ષનું બેસણું તા. ૨૨ સોમવાર સાંજે ૪ થી ૬ અન્નપૂર્ણેશ્વર મહાદેવ મંદિર, ગુરૂપ્રસાદ ચોક પાસે, દોશી હોસ્પિટલ રોડ, જુની પપૈયાવાડી શેરી નં. ૧, રાજકોટ ખાતે રાખેલ છે.